GJVL030005852018

| | |
|---|---|
| રજુ તારીખ | ૧૯/૦૭/૨૦૧૮ |
| દાખલ તારીખ | ૧૯/૦૭/૨૦૧૮ |
| ફેસલ તારીખ | ૧૮/૦૭/૨૦૨૬ |
| અવધિ | **૦૭** વર્ષ **૧૧** માસ**૩૦** દિવસ |

**મહે. પારડીનાં એડી. સિવિલ જજ અને જયુડી. મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, મુકામ– પારડી.**

**ફોજદારી કેસ નં: ૪૦૮/૨૦૧૮**
**આંક–**

શ્રી સરકાર **... ફરીયાદી**

વિરૂધ્ધ

(૧) જલદીપભાઈ મહેન્દ્રકુમાર લેવા પટેલ
રહે. ગામ ખારવેલ નીશાળ ફળીયા, તા.ધરમપુર, જી.વલસાડ

(૨) ઈજાજ વજીર અહમદ શેખ (મુસ્લીમ)
રહે. ગામ પારનેરા કમલેશ્વર મહાદેવ મંદિર સામે તા.જી.વલસાડ

(૩) અમઝદખાન અફઝલખાન (મુસ્લીમ)

(૪) અનવરખાન અફઝલ (મુસ્લીમ)
બંને રહે.પારડી દમણી ઝાપા કુંભારવાડ તા.પારડી, જી.વલસાડ

**.... આરોપીઓ**

| | |
|---|---|
| ગુન્હો:– | ઈ.પી.કોડની કલમ–૪૨૭,૪૪૭,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ... |

| | |
|---|---|
| શ્રી સરકાર તર્ફે | વિ. એ. પી. પી. શ્રી. એમ.ટી.પાડવી.. |
| આરોપી તર્ફે | વિ.વ. શ્રી એ.સી.ગરાસીયા... |

## -:ચુકાદો:-

(૧) આ કેસની ટુંકી હકીકત એવી છે કે, તા. ૨૦/૦૪/૨૦૧૭ ના કલાક ૧૦/૩૦ વાગ્યા હર કોઈ સમય પહેલા મોજે. પારડી દમણી ઝાંપા ટાઈલ્સ કંપાઉન્ડમાં સુલતાન ફળીયા તા.પારડી, જી.વલસાડ ખાતે કો.નં.(૧૧) તથા કો.નં.(૧૧)(૧,૨,૩) માં જણાવેલ આરોપીઓએ એકબીજાની મદદગારીથી ફરીયાદીના કબજાના સર્વે ૪૨૬૦/૧ વાળી જમીનમાં આવેલ મકાન નં.૩૪૬૫ માં ગેર કાયદેસર અપ પ્રવેશ કરી ફરીયાદી તથા સાહેદોને નાલાયક ગાળો આપી મકાન તોડી જમની દોષ કરી નાખી ફરી. તથા સાહેદોને જાનથી મારી નાંખવાની ધાક ધમકી આપી રૂા.૧,૦૦,૦૦૦/-નું નુકશાન કરી નાશી જઈ પાછળથી પકડાઈ,ઈ.પી.કોડની કલમ-૪૨૭,૪૪૭,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુનો કર્યાની ફરિયાદ ફરીયાદીએ પારડી પોલીસ સ્ટેશનમાં એ પાર્ટ ગુ.ર.નં-૬૮/૨૦૧૭ થી નોંધાવેલ. ત.ક.અમલદારે આરોપીઓ વિરૂધ્ધ ગુનો બનતો હોય તમામ પુરાવા એકત્ર કરી ના. કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) સદર કામે આરોપીને ચાર્જશીટની નકલ આપવામાં આવી. આરોપી વિરૂધ્ધ આંક-૦૫ થી તહોમતનામુ ઘડી આંક-૦૬ થી આંક-૦૯ મુજબ આરોપીઓનો જવાબ લીધો. આરોપીઓએ ગુનો કબુલ કરેલો ન હોઇ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવી.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તથા લેખિત પુરાવા રજુ કરવામાં આવેલ છે .

### -:મૌખિક પુરાવો:-

| અનુ. નં | સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી મહંમદઅફસર મહંમદ અખતર પાવટેની જુબાની | ૧૪ |
| ૨ | પંચ મયંકભાઈ મોહનભાઈ ભંડારીની જુબાની | ૨૧ |
| ૩ | સાહેદ મહંમદખુબેબ મહંમદ અફસર પાવટેની જુબાની | ૨૪ |

| | | |
|---|---|---|
| ૪ | પંચ ઇમ્તીયાઝ ઉર્ફે રાજુ નૂરમહંમદ શેખની જુબાની | ૨૬ |
| ૫ | સાહેદ જાવેદા મતીઉલ્લા શરીમુલ્લા મલીકની જુબાની | ૨૭ |
| ૬ | સાહેદ ગણેશભાઈ જમુભાઈ માંગેલાની જુબાની | ૨૮ |
| ૭ | સાહેદ તૈયબ મોહમદ અખતર પાવટેની જુબાની | ૪૩ |
| ૮ | ત.ક.અ. અમૃતલાલ નારણભાઈ પરમારની જુબાની | ૪૯ |

**-:દસ્તાવેજી પુરાવો:-**

| **અનુ. નં** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૫ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૨ |
| ૩ | પ્રોપર્ટી કાર્ડ | ૫૦ |
| ૪ | ડી.જી.વી.સી.એલ.નું બીલ | ૫૧,૫૨ |
| ૫ | ૧૩૫(ડી)ની નોટીસ | ૫૩ |
| ૬ | એકાઉન્ટ સ્ટેટમેન્ટ | ૫૪ |
| ૭ | વેરા રસીદ (નં.૪૪૫૬) | ૫૫ |
| ૮ | ફીરોજ ફારૂક મીયાનો પત્ર | ૫૬ |
| ૯ | જાહેર નોટીસ | ૫૭,૫૮ |
| ૧૦ | રે.દિ.મુ.નં. ૧૦/૨૦૧૫ ના દસ્તાવેજો | ૫૯ |
| ૧૧ | સીવીલ અપીલ નં.૪૪/૨૦૧૬ ના દસ્તાવેજો | ૬૦ |

| | | |
|---|---|---|
| ૧૨ | સંમતી પત્રક | ૬૧ |
| ૧૩ | સીટી સર્વે કાર્ડ નં. ૮૦૭ | ૬૨ |
| ૧૪ | સીટી સર્વે કાર્ડ નં. ૮૦૮ | ૬૩ |
| ૧૫ | સીટી સર્વે કાર્ડ નં. ૮૦૯ | ૬૪ |
| ૧૬ | મીલકત કાર્ડની કોમ્પ્યુટર પ્રિન્ટ | ૬૫ |
| ૧૭ | વેરા પાવતી માંગણા બીલ | ૬૬,૬૭ |
| ૧૮ | ફોટોગ્રાફ્સ નંગ–૧૨ | ૬૮ થી ૭૯ |

(૪) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે .

**<u>–:મુદ્દાઓ:–</u>**

**૧.** શુ ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, તા. ૨૦/૦૪/૨૦૧૭ ના કલાક ૧૦/૩૦ વાગ્યા હર કોઈ સમય પહેલા મોજે. પારડી દમણી ઝાંપા ટાઈલ્સ કંપાઉન્ડમાં સુલતાન ફળીયા તા.પારડી, જી.વલસાડ ખાતે કો.નં.(૧૧) તથા કો.નં.(૧૧)(૧,૨,૩)માં જણાવેલ આરોપીઓએ એકબીજાની મદદગારીથી ફરીયાદીના કબજાના સર્વે ૪૨૬૦/૧ વાળી જમીનમાં આવેલ મકાન નં.૩૪૬૫ માં ગેર કાયદેસર અપ પ્રવેશ કરી ફરીયાદી તથા સાહેદોને નાલાયક ગાળો આપી મકાન તોડી જમની દોષ કરી નાખી ફરી. તથા સાહેદોને જાનથી મારી નાંખવાની ધા ક ધમકી આપી રૂા.૧,૦૦,૦૦૦/–નું નુકશાન કરી નાશી જઈ પાછળથી પકડાઈ,ઈ.પી.કોડની કલમ–૪૨૭,૪૪૭,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

(૫) ઉપરોક્ત મુદ્દાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે .

૧. **નકારમાં**

૨. આખરી હુકમ મુજબ

**<u>-:કારણો:-</u>**

(૬) હાલના કેસની ચર્ચા કરતા પહેલા નીચે મુજબની ઈ.પી.કો કલમ- ધ્યાને લેવી જરૂરી જણાઈઆવે છે.

***Section 427: Mischief causing damage to the amount of fifty rupees.—***

*Whoever commits mischief and thereby causes loss or damage to the amount of fifty rupees or upwards, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.*

***Section 447: Punishment for criminal trespass.***—

*Whoever commits criminal trespass shall be punished with imprisonment of either description for a term which may extend to three months or with fine which may extend to five hundred rupees, or with both.*

***Section 504. Intentional insult with intent to provoke breach of the peace.—***

*Whoever intentionally insults, and thereby gives provocation to any person, intending or knowing it to be likely that such provocation will cause him to break the public peace, or to commit any other offence, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.*

***Section 506 : Punishment for criminal intimidation.***—

*Whoevern for a term which may extend to two years, or with fine, or with both;*

*If threat be to cause death or grievous hurt, etc.—and if the threat be to cause death or grievous hurt, or to cause the destruction of any property by fire, or to cause an offence punishable with death or [imprisonment for life], or with imprisonment for a term which may extend to seven years, or to impute unchastity to a woman, shall be punished with*

*imprisonment of either description for a term which may extend to seven years, or with fine, or with both. commits the offence of criminal intimidation shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both;*

જેથી ફરીયાદપક્ષને પોતાનો કેસ પુરવાર કરવા માટે શંકાથી પરે સાબીત કરવુ પડે કે આરોપીઓના કૃત્યથી ફરીયાદી કે તેમના સાહેદને ઈજા થયેલી તથા તેઓએ તેમને ગાળો તથા જાનથી મારી નાખવાની ધમકી આપેલી તથા તેઓએ બળજબરી પુર્વક ફરીયાદીના ઘરમાં ઘુસીને નુકસાન કરેલુ.

**મુદ્દા નં.૧:–**

(૭) ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં **આંક–૧૪ થી ફરીયાદી મહંમદઅફસર મહંમદઅખતર પાવટેને** તપાસવામાં આવેલછે. સદર ફરીયાદીનો સોગંદ ઉપરનો પુરવો જોવામાં આવે તો તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે,'' હું ઉપરોકત સરનામે ૪૫ વર્ષથી રહુ છું. બનાવ ગઈ તા.૨૦/૦૪/૨૦૧૭ ના રોજ બનેલો. બનાવમાં મોજે : પારડી ખાતે સીટી સર્વે નં .૪૨૬૦/૧ વાળી જગ્યા ફારૂકમીયા ગુલામમીયા શેખ પાસે રૂા.૨,૦૭,૭૮૬/– માં અમોએ ખરીદ કરેલ અને તે વખતથી આ જમીન મારા કબજા ભોગવટામાં ચાલી આવેલ. બનાવના દિવસની આગળથી (૧) જલદીપ મહેન્દ્રકુમાર પટેલ (૨) અમજદખાન અફજલખાન (૩) અનવરખાન અફજલખાન (૪) એજાઝ વજીરભાઈ શેખ આ ચારેય ઈસમો મને ધમકી આપતા હતા કે સીટી સ.નં.૪૨૬૦/–૧ વાળી જમીન જે મારી માલીકીની છે તે ખાલી કરવાની ધમકી આપતા હતા. ત્યારબાદ તા.૩૦/૦૪/૧૭ ના રોજ ઉપરોકત ચારેય ઈસમો તથા તેની સાથે આવેલા જે.સી.બી. મજુર લોકો ઉપરોકત જમીન ઉપર આવેલ ઘર નં.૩૪૬૫ તોડી ગયેલા. આ બાબતની ફરીયાદ અમોએ અગાઉ પણ પારડી પો.સ્ટે. ડી.એસ.પી.સાહેબને કરેલી. આ વચ્ચે આ લોકોએ સીટી સર્વે કચેરીમાં જગ્યા માપણી કરવી છે અને માપણી માટે પોલીસ બંદોબસ્ત માટે પારડી પો.સ્ટે.ને અરજી આપેલી. પરંતુ અમોએ ડી.એસ.પી.સાહેબ તથા પારડી પો.સ્ટે.માં આપેલી અરજીઓ પી.એસ.આઈ.સાહેબને અરજી બતાવેલી. જેથી આ લોકોને પોલીસ બંદોબસ્ત આપેલ નહી.

ત્યારબાદ આ કામના આરોપીઓએ બનાવના દિવસે ઉપરોકત જગ્યા ઉપર આવેલા અને કાયદો હાથમાં લઈને ઘર તોડી ગયેલા તે દિવસે અમો પારડી પોલીસ સ્ટેશનમાં જાણ કરેલી. ત્યારબાદ મે પોલીસને જણાવેલ કે ફરીયાદ નહી લ્યો તો પારડી કોર્ટમાં અરજી કરીશ જેથી ત્યારબાદ સાત દિવસ બાદ પોલીસે ફરીયાદ નોંધેલી. આજરોજ મને કોર્ટના રેકર્ડમાંથી ફરીયાદીની નકલ બતાવવામાં આવે છે. જે જોઈને કહુ છુ કે તેમાં ફરીયાદી તરીકે મારી સહી છે. જે સહી હુ ઓળખી બતાવુ છું. સદર ફરીયાદની નકલને બચાવપક્ષના વિ.વ.શ્રીની સંમતિથી રજુ દાખલ આંક–૧૫ આપવામાં આવે છે. હું આરોપીઓને ઓળખું છુ. જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે. ચારેય આરોપીઓ કોર્ટમાં હાજર છે તેને ફરીયાદ ઓળખી બતાવેલ છે.''

ત્યારબાદ બચાવપક્ષે તેમના બચાવમાં સાહેદની **ઉલટ તપાસ** લેવામાં આવેલ છે. સદર સાહેદની ઉલટ તપાસનો સોગંદ પરનો પુરાવો જોવામાં આવે તો તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, '' તા.૧૫/૧/૨૦૦૧ના રોજ કારૂકમીયા ગુલામમીયા શેખ પાસે રૂા.૨, ૦૭, ૭૮૬/–માં અમોએ ખરીદ કરેલ જમીનની માલિક બાબતે મે તપાસ કરેલી. પ્રોપટી કાર્ડમાં ફારૂકમીયાનું નામ માલીક તરીકે ચાલે છે. એ વાત ખરી છે કે મેં ફરીયાદ સાથે મેં કોઈ કાગળો પોલીસને આપેલા નહિ. એ વાત ખરી નથી કે મેં પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી તેના સમર્થનમાં તપાસ કરનાર અમલદારને મીલકતની માલિકી કોની છે તેના કોઈ આધારો આપેલા નહિ. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે મેં ઘરવેરાની પહોંચ, લાઈટબીલ, લીઝ પેન્ડેન્સની ઈન્ડેક્ષની નકલ આપેલી હતી. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં મિલ્કત કોની માલિકીની છે તે લખાવેલુ નહિ. એ વાત ખરી નથી કે મિલ્કતના માલિકી અમો પોતે છીએ તે દર્શાતવો કોઈ આધાર ફરીયાદ સાથે મેં રજુ કરેલો નહિ. એ વાત ખરી છે કે આ મિલ્કત બાબતે મેં કોર્ટમાં દાવો કરેલો છે જેનો નંબર ૧૦/૨૦૧૫ છે. આ મિલ્કત અંગે મૂળ માલિકો વચ્ચે રેવન્યુ તકરાર ચાલેલી તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે સદર મિલકતના મૂળ માલિકોએ જલદીપભાઈ મહેન્દ્રભાઈ પટેલને મિલ્કત વેચાણ આપેલી. એ વાત ખરી છે કે સદર મિલ્કત બાબતે જલદીપભાઈ મહેન્દ્રભાઈ પટેલનાઓની વેચાણ દસ્તાવેજની નોંધ પાડવામાં આવેલી જે પ્રકરણે અમોએ વાંધા અરજી આપેલી. એ વાત ખરી છે કે સદર નોંધ બાબતે મેં જે વાંધો આપેલ તે વાંધો સીટીસર્વ સુપ્રિન્ટેન્ડેન્ટનાઓએ કાઢી નાખેલો એ વાત ખરી છે કે સદર મીલ્કત બાબતે ફીરોઝમીયા ફારૂકમીયાએ ફરીયાદ આપેલી. એ વાત ખરી નથી કે ફીરોઝમીયા ફારૂકમીયાની ફરીયાદથી બચવા માટે હાલની આ ખોટી ફરીયાદ આપેલ છે. એ વાત ખરી છે કે

" બનાવના દિવસની આગળથી (૧) જલદીપ મહેન્દ્રકુમાર પટેલ (2) અમજદખાન અફજલખાન (૩) અનવરખાન અફજલખાન (૪)એજાઝ વજીરભાઈ શેખ આ ચારેય ઇસમો મને ધમકી આપતા હતા કે સીટી સ.નં. ૪૨૬૦/૧વાળી જમીન જે મારી માલીકીની છે તે ખાલી કરવાની ધમકી આપતા હતા.'' તે હકીકત મારી ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છેકે મે મારી ફરીયાદમાં " આ બાબતની ફરીયાદ અમોએ અગાઉ પણ પારડી પો.સ્ટે. ડી.એસ.પી. સાહેબને કરેલી. આ વચ્ચે આ લોકોએ સીટી સર્વે કચેરીમાં જગ્યા માપણી કરવી છે અને માપણી માટે પોલીસ બંદોબસ્ત માટે પારડી પો.સ્ટેને અરજી આપેલી. પરંતુ અમોએ ડી.એસ.પી. સાહેબ તથા પારડી પો.સ્ટે.માં આપેલી અરજીઓ પી.એસ.આઈ સાહેબને અરજી બતાવેલી. જેથી આ લોકોને પોલીસ બંદોબસ્ત આપેલ નહી.'' ની હકીકત લખાવેલ નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓએ બનાવના દિવસે ઉપરોકત જગ્યા ઉપર આવેલા અને કાયદો હાથમાં લઈને ઘર તોડી ગયેલા" ની હકીકત મારી ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે '' મે પોલીસને જણાવેલ કે ફરીયાદ નહી લ્યો તો પારડી કોર્ટમાં અરજી કરીશ જેથી ત્યારબાદ સાત દિવસ બાદ પોલીસે ફરીયાદ નોધેલી.'' ની હકીકત મારી ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓ (૧) જલદીપ મહેન્દ્રકુમાર પટેલ (૨) અમજદખાન અફજલખાન (૩) અનવરખાન અફજલખાન (૪)એજાઝ વજીરભાઈ શેખનાઓ અગાઉ સીવીલ પ્રકરણો, ટેનન્સી કેસો ચાલેલા જેથી ઓળખી બતાવેલ છે.એ વાત ખરી નથી કે હાલની આ ફરીયાદ આપી ત્યારબાદ આ મીલ્કતના મૂળમાલિકોએ જલદીપભાઈ મહેન્દુભાઈ પટેલને સદર મિલ્કતનો વેચાણ દસ્તાવેજ પારડી સબ રજિસ્ટ્રાર ઓફીસમાં કરી આપેલો. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ નહિ અને મીલ્કત ખોટી રીતે પચાવી પાડેલી હોય તેનાથી બચવા માટે હાલનો ખોટો કેસ કરેલો છે.

**(૭.૧)** ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં **<u>આંક–૨૧ થી પંચ મંચકભાઈ મોહનભાઈ ભંડારીને</u>** તપાસવામાં આવેલછે. સદર સાહેદનો સોગંદ ઉપરનો પુરવો જોવામાં આવે તો તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે,'' હું ઉપરોકત સરનામે મારા જન્મ્યી રહુ છુ અને ખેતીવાડી તથા વેપારનુ કામકાજ કરીને મારા પરીવારનુ ગુજરાન ચલાવુ છું. પોલીસે એક વખત તૈયાર લખેલા પંચનામા ઉપર સહી લીધેલ તે સહી કઈ જગ્યાએ અને કયારે લીધેલ તેની મને ખબર નથી. પંચનામામાં શુ લખેલ હતુ તે મેં વાંચેલ નહિ. બનાવ બાબતે હુ કંઈ જાણતો નથી. આજરોજ મને કોર્ટના રેકર્ડમાંથી ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ બતાવવામાં આવે છે. જે જોઈને કહુ છુ કે તેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે. જે સહી હુ ઓળખી બતાવુ છું. સદર ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલને બચાવપક્ષના વિ.વ.શ્રીની સંમતિથી રજુ દાખલ આંક–૨૨

આપવામાં આવે છે.

ત્યારબાદ સદર સાહેદને ફરીયાદપક્ષ દ્વારા હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવામાં આવેલ છે પરંતુ ફરીયાદપક્ષ કોઇ ફળદાયક હકિકત કઢાવી શકેલ નથી.

ત્યારબાદ બચાવ પક્ષ દ્વારા સદર સાહેદની **ઉલટ તપાસ** લેવામાં આવેલ છે જેમા ફરીયાદી એ હકિકતનો સ્વીકાર કરે છે કે, " એ વાત ખરી છે કે, પોલીસ તૈયાર લખેલા પંચનામામા ઉપર મારી સહી લીધેલ તે સિવાય હુ કંઈ જાણતો નથી.''

**(૭.૨)** ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં **<u>આંક-૨૪ થી સાહેદ મહંમદખુબેબ મહંમદ અફસર પાવટેને</u>** તપાસવામાં આવેલછે. સદર સાહેદનો સોગંદ ઉપરનો પુરવો જોવામાં આવે તો તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે,'' હું ઉપરોકત સરનામે મારા જન્મ્થી રહુ છુ અન કન્સ્ટ્રકશનનુ કામકાજ કરીને મારા પરીવારનુ ગુજરાન ચલાવુ છું. બનાવ તા.૨૦/૪/૨૦૧૭ ના રોજ બનેલુ. બનાવ વખતે મારા પિતા મહંમદઅફસર પાવટેનાઓનુ મારા ઉપર ફોન આવેલ અને જણાવેલ કે આરોપી (૧) જલદીપ પટેલ, (૨) એજાઝ શેખ, (૩) અમજદખાન, (૪) અનવરખાનનાઓ તેમના મજુરો તથા જે.સી.બી. મશીન લાવી, સુલતાન ફળીયામાં આવેલ જુનુ મકાન તોડવાનુ ચાલુ કરેલ છે. ત્યારપછી હું મારા કાકા તૈયબ પાવટે અને મારા પિતાના મિત્ર ઇમ્તીયાઝ શેખનાઓ સાથે બનાવવાળી જગ્યાએ ગયેલા. ત્યારે બનાવવાળી જગ્યાએ આરોપીઓને મકાન ન તોડવા સમજાવેલ અને તેઓ માનેલા નહિ અને મારા પિતા મહંમદઅફસર પાવટેનાઓને ચારેય આરોપીઓએ નાલાયક ગાળો આપી અને જાનથી મારી નાખવાની ધમકી આપેલી. ત્યારબાદ મારા પિતાએ આરોપીઓ વિરૂધ્ધ પારડી પો.સ્ટે.માં ફરીયાદ આપવા ગયેલા અને પોલીસ અમારા ઘેર આવી ગયેલી. આ બનાવ બાબતે પોલીસે અમારી પુછપરછ કરેલી. હું આરોપીઓને જોયેથી ઓળખી શકુ છુ. જે કોર્ટમાં હાજર છે તેઓના નામ (૧) જલદીપ પટેલ, (૨) એજાઝ શેખ, (૩) અમજદખાન, (૪) અનવરખાન છે. તેઓને સાહેદ નામજોગ ઓળખી બતાવેલ છે.

<u>ત્યારબાદ બચાવપક્ષે તેમના બચાવમાં સાહેદની **ઉલટ તપાસ** લેવામાં આવેલ છે. સદર સાહેદની ઉલટ તપાસનો સોગંદ પરનો પુરાવો જોવામાં આવે તો તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે,</u> "હુ પારડી મુકામે ૩૫ વર્ષથી રહુ છું. એ વાત ખરી છે કે હુ પારડી મુકામે આટલા વર્ષોથી રહેતો હોઉ પારડીના નામી-અનામી વેપારીઓને ઓળખુ છું. એ વાત ખરી છે

કે હાલના બનાવની જાણ મને મારા પિતા મહંમદઅફસર પાવટેનાઓએ ફોનથી કરેલી. એ વાત ખરી છે કે હાલના કેસમાં જે મિલ્કત છે તેનો કેસ (દાવો ) કોર્ટમાં ચાલે છે. કઈ કોર્ટમાં ચાલે છે તેની મને ખબર નથી. મારા પિતા મહંદમ અફસર પાવટેનાઓને સને ૨૦૧૫ની સાલમાં કોર્ટમાં કેસ કરેલો કે કેમ ? તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે હાલનો બનાવ બનેલો તેની ફરીયાદ બનાવના દિવસે આપેલી. એ વાત ખરી નથી કે બનાવના દિવસે પોલીસે મારો જવાબ લઈ લીધેલો. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલો નથી પરંતુ આ કામના ફરીયાદી મારા પિતા થતા હોઈ તેમની ખોટી ફરીયાદના સમર્થનમાં આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.''

(૭.૩) ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં <u>**આંક—૨૬ થી પંચ ઇમ્તીયાઝ ઉર્ફે રાજુ નૂરમહંમદ શેખને**</u> તપાસવામાં આવેલછે. સદર સાહેદનો સોગંદ ઉપરનો પુરવો જોવામાં આવે તો તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે,'' હું ઉપરોકત સરનામે મારા જન્મથી રહુ છુ અને ખેતીવાડી તથા વેપારનુ કામકાજ કરીને મારા પરીવારનુ ગુજરાન ચલાવુ છું. હુ મારા મિત્ર મહંમદ અફતર મહંમદ પાવટે સાથે સુલતાન ફળીયા, દમણીઝાંપા, પારડી ખાતે ગયેલ હતો. પોલીસે મને પંચમાં રહેવા સારૂ પારડી પો.સ્ટે.માં બોલાવેલ હતો. પોલીસે મારી પંચનામામા સહી કરાવેલી હતી જે પંચનામુ લખેલુ હતુ અને મેં વાંચીને સહી કરેલી હતી. મને કોર્ટના કેસ રેકર્ડમાંથી આંક—૨૨ થી રજુ થયેલ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી કરેલી છે. આ પંચનામુ મારા મિત્ર મહંમદ અફસર મહંમદ પાવટેનુ ઘર તુટેલું હતુ તે બાબતેનુ હતુ. મે તે ઘર જોયેલુ હતુ તે ઘર જુનુ હતુ. આ ઘર સુલતાન ફળીયા, દમણીઝાંપા ખાતે આવેલુ છે. આ જુનુ ઘર જોવા માટે બનાવ બન્યા બાદ હુ ગયેલો હતો. ત્યાં મેં ઘર જોવા ગયો બનાવ સમયે જ ગયેલો હતો ત્યારે મકાન જમીન દોસ્ત થયેલુ હતુ અને મકાનને અંદાજે કેટલા રૂપીયાનુ નુકશાન થયેલુ તેની મને ખબર નથી. ગુનાવાળી જગ્યાની આજુબાજુ બીજા મકાનો તથા એપાર્ટમેન્ટ પણ આવેલ છે.

બનાવ તા.૨૦/૪/૨૦૧૭ના રોજ સવારે ૧૦—૦૦ થી ૧૧—૦૦ વાગ્યાની આસપાસ બનેલો હતો. તે સમયે હુ સુલતાન ફળીયા, દમણીઝાંપા ખાતે હાજર હતો અને મારી સાથે મહંમદ અફસર મહંમદપાવટે હાજર હતા. ત્યારે ત્યા (૧) જલદીપ મહેન્દુભાઈ પટેલ, (૨) અમજદખાન અફઝલખાન પઠાણ (૩) વ્યાસે ઘર જોવા સવા બનાવ સમને જ ગયેલા હતા ત્યારે મકાન જમાન અનવારખાન અફઝલખાન પઠાણ (૪) એઝાજ વજીરમીયા શેખ તથા બીજા મજુરો ત્યા હાજર હતા અને તેઓ અમારા મીત્ર મહંમદ અફસર જોડે બોલાચાલી કરેલી અને ધાકધમકી આપેલી અને ગાળાગાળી કરેલી. ત્યારે અમોએ તેઓને અટકાવવા કોશીશ

કરેલી પરંતુ તેઓ માન્યા નહિ અને અમે પોલીસ સ્ટેશને ગયેલા. અમો પોલીસ સ્ટેશન એટલા માટે ગયેલા કે આ લોકોએ મકાન તોડી નાખેલુ. આ મકાન કેમ તોડી નાખેલુ હી તેની મને ખબર નથી. અમો પોલીસ સ્ટેશને આ બાબતની ફરીયાદ આપવા માટે ગયેલા હતા. આ ફરીયાદ મહંમદ અફસર મહંમદ પાવટેએ ઉપર જણાવેલ નામવાળા વિરુધ્ધમાં આપેલી હતી. પોલીસે મારી પુછપરછ કરેલી હતી. હુ આરોપીઓને જોયેથી ઓળખુ છુ. તેમાથી આરોપી અમજનદભાઈ અફઝલખાન તથા (૨) એઝાજ વજીરભાઈ હાજર છે. આરોપી જલદીપ મહેન્દ્રભાઈ સવારે હાજર હતા. પરંતુ આકસ્મીત કારણોસર તેઓ નામદાર અદાલતની પરવાનગી લઈને ગયેલા છે.

<u>ત્યારબાદ બચાવપક્ષે તેમના બચાવમાં સાહેદની **ઉલટ તપાસ** લેવામાં આવેલ છે. સદર સાહેદની ઉલટ તપાસનો સોગંદ પરનો પુરાવો જોવામાં આવે તો તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે,</u> "હુ પારડીમાં મારા જન્મથી રહુ છું એટલે હુ મોટાભાગના રહીશોને ઓળખુ છું. હુ વ્યવસાયે ખેતી તથા વેપારનો કામકાજ કરૂ છું. એ વાત ખરી નથી કે પોલીસે તૈયાર લખેલા કાગળ ઉપર સહી લીધેલ. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે મેં પોલીસને લખાવેલુ તે પ્રમાણે પોલીસે લખેલું. એ વાત ખરી છે કે પોલીસ સ્ટેશનમાં બેસીને અમોએ જવાબ લખાવેલો. મારે પોલીસ સ્ટેશનમા બનાવના દિવસે તા.૨૦/૪/૧૭ ના રોજ જવાનુ થયેલુ હતુ. ફરીયાદ બનાવ બન્યા બાદ બે ચાર દિવસ બાદ અમારા વકીલ સાહેબને મળીને તા.૨૭/૪/૧૭ ના રોજ ફરીયાદ કરેલી. એ વાત ખરી નથી કે ફરીયાદી મારા ખાસ મિત્ર થતા હોવાથી તેમના કહેવાથી પંચનામામાં મે સહી કરેલી. સામાન્ય રીતે બનાવવાળી જગ્યાએથી પારડી પો.સ્ટે. પહોંચતા વાહન વડે પહોંચતા ૧૦ મીનીટ જેટલો સમય લાગે"

**(૭.૪)** ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં **<u>આંક–૨૭ થી જાવેદા મતીઉલ્લા શરીમુલ્લા મલીકને</u>** તપાસવામાં આવેલછે. સદર સાહેદનો સોગંદ ઉપરનો પુરવો જોવામાં આવે તો તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે,'' હું ઉપરોકત સરનામે છેલ્લા ૨૫ વર્ષથી રહુ છુ અને મારા ઘેર ઘરનુ કામકાજ કરીને મારા પરીવારનુ પાલનપોષણ કરૂ છું. હુ ફરીયાદી મહંમદઅફસર મહંમદ પાવટેને ઓળખુ છુ તેઓ કયા રહે છે તેની મને ખબર નથી. ફરીયાદી અને આરોપીઓ વચ્ચે કોઈ ઝઘડો થયેલો હોય અને તે બાબતની ફરીયાદ થયેલી હોય તેની મને ખબર નથી તે સમયે હુ મુંબઈ હતી. પોલીસે મારી પુછપરછ કરેલી હોય કે મારૂ નિવેદન લીધેલ હોય તેવુ બનેલુ નથી.''

સદર સાહેદની આરોપી પક્ષ દવારા ઉલટ તપાસ લેવામાં આવેલ નથી.

(૭.૫) ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં **<u>આંક–૨૮ થી ગણેશભાઈ જમુભાઈ માંગેલાને</u>** તપાસવામાં આવેલ છે. સદર સાહેદનો સોગંદ ઉપરનો પુરવો જોવામાં આવે તો તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે,'' હું ઉપરોકત સરનામે ઉમારા જન્મથી રહુ છુ અને સ્કુલમાં વેન કાર ચલાવીને મારા પરીવારનુ ગુજરાન ચલાવુ છું. હુ ફરીયાદી મહંમદઅફસર મહંમદ પાવટેને ઓળખુ છુ તેઓ મોહનદયાળ હોસ્પીટલની સામે રહે છે. ફરીયાદી અને આરોપીઓ વચ્ચે કોઈ ઝઘડો થયેલો હોય અને તે બાબતની ફરીયાદ થયેલી હોય તેની મને ખબર નથી. પોલીસ ` મારી પુછપરછ કરેલી હોય કે મારૂ નિવેદન લીધેલ હોય તેવુ બનેલુ નથી. મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નહિ કે ગઈ તા.૨૦/૪/૧૭ના રોજ હુ મારા ઘેર હાજર હતો ત્યારે સવારે એકાએક બોલાચાલી થવાનુ અવાજ આવતા હુ બહાર ગયેલો અને જોયુ તો મહંમદઅફસર મહંમદ પાવટે અને આરોપીઓ એકબીજા સામે બોલાચાલી કરતા હતા અને આરોપીઓએ મહંમદભાઈને ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપેલી અને મહંમદભાઈના મકાનમાં તોડફોડ કરેલી''

સદર સાહેદની આરોપી પક્ષ દવારા ઉલટ તપાસ લેવામાં આવેલ નથી.

(૭.૬) ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં **<u>આંક–૪૩ થી તૈયબ મોહમદ અખતર પાવટેને</u>** તપાસવામાં આવેલ છે. સદર સાહેદનો સોગંદ ઉપરનો પુરવો જોવામાં આવે તો તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે,'' આ કામના ફરીયાદી મારા મોટા ભાઈ થાય છે. હુ ગાડી લે વેચ તથા બાંધકામનો વ્યવસાય કરૂ છુ તથા અમારી પારડી દમણીઝાંપા સહીયારી મીલકત આવેલી છે. તથા સદર જમીન અંગે અમારો સીવીલ કોર્ટમાં કેસ પણ ચાલે છે. બનાવ તા.૨૦–૪–૨૦૧૭ ના રોજ બનેલો. બનાવના દિવસે મારા ભત્રીજાએ મને ફોન કરીને જણાવેલ કે મીલકતમાં જેસીબી અને મજુરો લઈને મકાન તોડવાનું કાર્ય ચાલે છે એટલે હુ ત્યાં ગયેલ. જેથી આ મારા ભત્રીના કુબેર પાવટેનો ફોન આવતા હુ મકાન પાસે ગયેલ. ત્યાં આગળ ચાર માણસો હાજર હતા તે ઈસમોને મે આ મીલકત મારા ભાઈની છે એમને વિનંતી કરેલ કે નહીં તોડો પણ તોડી પાડેલ અને મને નાલાયક ગાળો આપેલ ત્યાં આગળ હુ મારા ભાઈ તથા ઈમ્તીયાઝ ભાઈ અને કુબેરભાઈ હાજર હતા અને અમે મીલકત તોડી નાંખીશુ તેમ કહેલ અને આ કામના આરોપીઓએ અમારૂ આ મકાન મારી નજર સામે તોડી નાંખેલુ અને ત્યારબાદ આરોપીઓ અમારૂ મકાન તોડીને ચાલી ગયેલ. મે મારા નિવદેનમાં એવુ લખાવેલ છે કે આરોપીઓએ મારા ભાઈ મોહમદ અફસરને કહેવા લાગેલ કે જમીન બાબતે ચાલતો કેસ ખેંચી

લે નહીં તો મારી નાંખીશુ તેવી ધમકી આપેલી. જેથી મારા ભાઈએ આ કામના આરોપીઓ વિરૂધ્ધ પારડી પો.સ્ટેમાં ફરીયાદ આપેલી. આ સીવાય બીજો કોઈ બનાવ બનેલ નથી અને બનાવ અંગે પોલીસે મારૂ નિવેદન લીધેલુ.

<u>ત્યારબાદ બચાવપક્ષે તેમના બચાવમાં સાહેદની **ઉલટ તપાસ** લેવામાં આવેલ છે. સદર સાહેદની ઉલટ તપાસનો સોગંદ પરનો પુરાવો જોવામાં આવે તો તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે,</u> "એ વાત ખરી છે કે આ કામના ફરીયાદી મારા ભાઈ થાય છે. એ વાત ખરી છે કે મારા ભત્રીજાનો ફોન આવતા મને બનાવની જાણ થયેલ અને હુ ત્યાં ગયેલો. એ વાત ખરી નથી કે આ મીલકતના ફરીયાદી માલીક નથી. એ વાતની મને હાલ યાદ નથી કે મીલકત અંગે કયા વર્ષમાં દિવાની દાવો દાખલ કરેલો. એ વાત ખરી છે કે બનાવની ફરીયાદ મે તથા મારા ભાઈ ફરીયાદી સાથે લખાવેલ હતી. એ વાત ખરી છે કે અમે હાલની ફરીયાદ આપી તે અગાઉ મારા ભાઈ (ફરીયાદી) વિરૂધ્ધ ફરીયાદ દાખલ થયેલી. એ વાતની મને જાણકારી નથી કે અગાઉની ફરીયાદ કયા બનાવ બાબતે થયેલી. બનાવની જગ્યાથી પોલીસ સ્ટેશનનું અંતર લગભગ દોઢ થી બે કિ.મી છે. સવાલ: બનાવ જે દિવસે બનેલ તે દિવસે જ તમે પોલીસ સ્ટેશન જઈ ફરીયાદ નોંધાવેલી? જવાબ: અમે ગયેલા પરંતુ પોલીસે તે દિવસે ફરીયાદ નોંધેલ નહીં, પોલીસે ૨-૩ દિવસ બાદ ફરીયાદ નોંધેલી. એ વાત ખરી નથી કે કહેવોતો બનાવ કોઈ બનેલ હોય અને ફરીયાદી મારા ભાઈ થતા હોય જેથી તેઓની ફરીયાદને સમર્થન આપવા કોર્ટમાં ખોટી જુબાની આપુ છુ.

(૭.૭) ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં **<u>આંક-૪૯ થી ત.ક.અ. અમૃતલાલ નારણભાઈ પરમારને</u>** તપાસવામાં આવેલ છે. સદર સાહેદનો સોગંદ ઉપરનો પુરવો જોવામાં આવે તો તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે,''બનાવના સમયે હુ પારડી પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો હતો તે દરમીયાન આ કામની તપાસ મળતા સંભાળી લીધેલી. મે આ કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા અને સાહેદોએ પોતાના નીવેદનમાં ફરીયાદની હકીકતને સમર્થન કરતા નીવેદન લખાવેલ. મે આ કામે મીલકતને લગતા દસ્તાવેજો મેળવેલા. મને તપાસના કાગળોમાંથી પ્રોપર્ટી કાર્ડ ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં જાફરમીયા મહમદમીયા જેઓ વહીવટ કરતા ફારૂકમીયા શેખ નુ નામ રેવન્યુ રજીસ્ટરમાં દાખલ થયેલ જે બચાવ પક્ષના વકીલશ્રી તરફે વાંધો ન હોય **આંક-૫૦** આપવામાં આવે છે. મને તપાસના કાગળોમાંથી ડી.જી.વી.સી.એલ.નુ બીલ તથા તે મેળવવા

માટે કરેલ પત્રની ખરી નકલ બતાવવામાં આવે છે જે પારડી ટાઈલ્સના નામનુ છે જે બચાવ પક્ષના વકીલશ્રી તરફે વાંધો ન હોય **આંક–૫૧ તથા આંક–૫૨** આપવામાં આવે છે. મને તપાસના કાગળોમાંથી સીટી સર્વે સુપ્રીટેન્ડેન્ટની સીટી સર્વે નંબર ૪૨૬૦/૧ ના કામે ઈસ્યુ કરેલ ૧૩૫(ડી)ની નોટીસની ખરી નકલ બતાવવામાં આવે છે જેને બચાવ પક્ષના વકીલશ્રી તરફે વાંધો ન હોય **આંક–૫૩** આપવામાં આવે છે. મને આ કામે દેના બેન્કની એકાઉન્ટ નંબર ૧૧૦૩૧૦૦૦૫૯૪૧ નુ સ્ટેટમેન્ટ બતાવવામાં આવે છે જે તપાસના કામે આ કામના ફરીયાદીએ આપેલ જેમાં દર્શાવેલ તારીખો મુજબ વીડ્રોઅલ નાંણાની વિગતો છે જેને રજુ દાખલ **આંક–૫૪** આપવમાં આવે છે. મને પારડી નગરપાલીકાની એક વેરા રસીદ નં. ૪૪૫૬ બતાવવામાં આવે છે જે વેરો પારડી ટાઈલ્સ ફેકટરીના નામની છે તથા રસીદમાં કબજેદાર તરીકે મોહમદ અખ્તર પાવતેનુ નામ લખેલુ છે જેને રજુ દાખલ **આંક–૫૫** આપવામાં આવે છે. મને આ કામે સીટી સર્વે સુપ્રીટેન્ડ સાહેબને અરજદાર ફીરોજ ફારૂકમીયા શેખે લખેલ પત્ર બતાવવામાં આવે છે જે ફરીયાદીએ મને તપાસના કામે આપેલ જે મે ચાર્જશીટ સાથે બીડેલ જેને રજુ દાખલ **આંક–૫૬** આપવામાં આવે છે. મને આ કામે દિવ્યભાસ્કરની તા.૦૭/૦૩/૨૦૧૬, તા.૨૨/૧૧/૨૦૧૬ ની જાહેર નોટીસો બતાવવમાં આવે છે જે તપાસના કામે બીડેલ જેમાં મોહમદ અફઝલ પાવતેના વકીલ દવારા જાહેર નોટીસ આપવમાં આવેલ જેને રજુ દાખલ **આંક–૫૭ તથા આંક–૫૮** આપવમાં આવે છે. મને આ કામે મે.પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબ, પારડીની કોર્ટમાં ચાલતા રે.દિ.મુ.નં.૧૦/૨૦૧૫ ના દસ્તાવેજો બતાવવામાં આવે છે જેની ઝેરોક્ષ નકલોનો બંચ આ કામે ચાર્જશીટ સાથે બીડેલ જે ઝેરોક્ષને આંક આપવા સામે બચાવ પક્ષે વાંધો ન હોય રજુ દાખલ **આંક–૫૯** આપવામાં આવે છે. મને આ કામે મે.વલસાડના ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં ચાલેલ સીવીલ અપીલ નં. ૪૪/૨૦૧૬ બતાવવામાં આવે છે જે ફરીયાદી તરફથી મને આપવામાં આવેલ જે મે ચાર્જશીટ સાથે બીડેલ જેને બચાવપક્ષની સંમતીથી રજુ દાખલ **આંક–૬૦** આપવામાં આવે છે. મને આ કામે ફરીયાદીએ આપેલુ એક સંમતી પત્રક જે રૂા.૧૦૦ ના સ્ટેમ્પ પેપર પર કરવામાં આવેલ તેની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે જે ઝેરોક્ષ નકલને બચાવપક્ષની સંમતીથી રજુ દાખલ **આંક–૬૧** આપવમાં આવે છે. મને આ કામે સીટી સર્વેનુ કાર્ડ નં. ૮૦૭, ૮૦૮, ૮૦૯ ના

કામે ફરીયાદી તરફથી રેકર્ડ મળેલા જે મે ચાર્જશીટ સાથે બીડેલ જેને રજુ દાખલ **આંક—૬૨, આંક—૬૩ તથા આંક—૬૪** આપવામાં આવે છે. મને એક સીટી સર્વે નંબર ૪૨૬૦ની મીલકત કાર્ડની કોમ્પ્યુટર પ્રિન્ટ બતાવવામાં આવે છે જે આ સાથે મે ચાર્જશીટ સાથે બીડેલ જેને બચાવપક્ષની સંમતીથી રજુ દાખલ **આંક—૬૫** આપવમાં આવે છે. મને પારડી નગરપાલીકાની બે વેરા પાવતીઓ નંબર—૧૪૮ તથા ૧૫૪ બતાવવામાં આવે છે જે વેરા પાવતીઓ તથા માંગણાનુ બીલ સાથે તપાસના કામે બીડેલ જેને રજુ દાખલ **આંક—૬૬ તથા આંક—૬૭** આપવમાં આવે છે. ઉપરોકત દસ્તાવેજો મે ચાર્જશીટ સાથે બીડેલ અને મારી તપાસમાં ખુલેલ કે આ કામના આરોપીઓએ ભેગા મળીને બનાવના દિવસે ફરીયાદીના કબજા વાળી મીલકતમાં તોડફોડ કરી એકબીજાની મદદગારીથી ફરીયાદીના કબજાવાળી મીલકત મકાનમાં પ્રવેશ કરી ફરીયાદી તથા સાહેદોને ગાળો આપી ફરીયાદીની મીલકતને રૂપિયા એક લાખનુ નુકસાન કરેલાનુ ખુલેલ. મે આ કામે મીલકત તોડવામાં આવેલ તેના પાંચ ફોટોગ્રાફ મને ફરીયાદીએ આપેલ. બચાવપક્ષના વકીલશ્રી જણાવે છે કે આ ફોટોગ્રાફ લગત કોઈ નોંધ નથી કે તપાસ કરનાર અમલદારે કોઈ કયા પંચનામાની વિગતે આ ફોટોગ્રાફ કબજે કરેલ નથી જેથી તેને આંક આપી શકાય નહી. એપીપીશ્રી જણાવે છે કે તપાસ કરનાર અમલદાર આજરોજ સોગંદપરની જુબાનીમાં રજુ કરતા હોય તેને આંક આપવાની અરજ કરેલ છે. <u>બન્ને પક્ષોની દલીલ સાંભળતા સદર ફોટોગ્રાફસ ગ્રાહય રાખી શકાય કે નહી તે પ્રથમદર્શનીય પુરાવાનો વિષય છે જે કોર્ટ દવારા જજમેન્ટ આપતી વખતે ધ્યાને લેવામાં આવશે જેથી હાલના કામે રજુ કુલ—૧૨ ફોટોગ્રાફને ક્રમશ:</u> <u>**આંક—૬૮ થી આંક—૭૯** આપવમાં આવે છે.</u> મે આ કામે આરોપીઓને અટક કરી તેમની વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા તેમના વિરૂધ્ધમાં ચાર્જશીટ કરેલી અને તેઓ આજરોજ કોર્ટમાં હાજર છે તે જ આરોપી છે.''

ત્યારબાદ બચાવપક્ષે તેમના બચાવમાં સાહેદની **<u>ઉલટ તપાસ</u>** લેવામાં આવેલ છે. સદર સાહેદની ઉલટ તપાસનો સોગંદ પરનો પુરાવો જોવામાં આવે તો તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, "હુ બનાવ બન્યાથી ચાર વર્ષ અગાઉથી પારડી પોલીસ સ્ટેશનમાં મારી ફરજ બજાવતો હતો જેથી હુ પારડી પોલીસ સ્ટેશનના આજુબાજુના વિસ્તારથી હુ પરીચીત છુ.

એ વાતની મને ખબર નથી કે હાલના ફરીયાદી વિરૂધ્ધ પારડી પોલીસ સ્ટેશનમાં ગુનો નોધાયેલ છે. એ વાત ખરી છે કે મારી તપાસમાં એવી હકીકત ખુલેલી કે ફરીયાદી સદર મીલકતના માલીક હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મળી આવેલ નહી. એ વાત ખરી છે કે ફરીયાદમાં બતાવેલ જે.સી.બી. મશીન હાલના કામે કબજે કરેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદીએ જે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ તે પુરાવામાં ફરીયાદી પોતે માલીક હોય એવો કોઈ પુરાવો મે કબજે કરેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદી દવારા આપવામાં આવેલ ફોટોગ્રાફ (આંક–૬૮ થી આંક–૭૯) સાથે કોઈપણ ૬૫(બી)નુ સર્ટી હાલના કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે તૈયાર પંચનામા પર પંચોની સહી લઈ લીધેલ. એ વાત ખરી નથી કે સાહેદોના નીવેદનોમાં ફકત તેમનુ નામ ઠામ પુછીને મે જાતે નીવેદન લખી લીધેલ. એ વાત ખરી નથી કે આરોપી વિરૂધ્ધ પુરાવો ન હોવા છતા કામગીરી બતાવવા ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે હાલની તપાસ દરમ્યાન પક્ષકારો વચ્ચે સીવીલ લીટીગેશન ચાલતુ હોય તે હકીકત ખુલેલી. ''

## <u>પુરાવાનુ મુલ્યાંકન:</u>

(૮) આમ, ઉપરોક્ત ફરીયાદપક્ષના તમામ પુરાવાનુ **<u>મુલ્યાંકન</u>** કરવામાં આવે તો, આ કામના આરોપીઓ સામે ઇ.પી.કો. કલમ–૪૨૭,૪૪૭,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ છે જેથી હાલના કેસના પુરાવાર કરવા માટે ફરીયાદ પક્ષે પુરવાર કરવુ પડે કે આરોપીઓએ તેમને પચાસ રૂપિયાથી વધુ નુકસાન કરેલ છે અને તેઓએ ક્રિમીનલ ટ્રેસપાસ કરેલ હોય અને ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી કે ગાળો બોલેલ હોય.

(૮.૧) હાલના કામે ફરીયાદીની જુબાનીનુ અવલોન કરવામાં આવે તો તેઓએ તા.૨૦/૦૪/૨૦૧૭ ના રોજ બનાવ બનેલાની હકીકત જણાવે છે અને તેઓએ બનાવ સમયે આરોપી ઘર નંબર– ૩૪૬૫ તોડી ગયેલા અને તેમને આરોપીઓ દવારા જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવેલ હતી. સદર સાહેદની ઉલટ તપાસ વખતે સાહેદ કબુલ રાખે છે કે હાલના કામે ફરીયાદ સાથે કોઈ કાગળો તેઓએ પોલીસને આપેલા નથી. વધુમાં સદર મીલકત બાબતે કોર્ટમાં દાવો ચાલતો હોય તે હકીકત પણ તેમના વતી સ્વીકાર કરવામાં આવેલ છે. હાલના કામે ઈ.પી.કો. કલમ– ૪૪૭ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષને પુરવાર કરવુ

પડે કે સદર પ્રોપર્ટી ફરીયાદીના પઝેશનમાં (કબજામા) હોય અને સદર મીલકત ઉપર આરોપીઓએ કોઈ અપરાધ, ઈન્ટીમીડેટ, ઈન્સલ્ટ, અનોય કરવા આવે તો તેઓએ ક્રિમીનલ ટ્રેસપાસનો ગુનો કરેલ ગણાય. જેથી હાલના કામે જયારે સદર કલમ માં પઝેશનની વ્યાખ્યા કરવામાં આવે તો – કોઈપણ ઈસમ જે સદર પ્રોપર્ટીના ''લો–ફુલ કન્ટ્રોલ'' માં હોય તેના વિરૂધ્ધમાં ગુનાહીત અપપ્રવેશનો ગુનો કરી શકાય. જેથી ફરીયાદપક્ષ દવારા અચુકપણે પુરવાર કરવુ પડે કે સદર મીલકત ફરીયાદીના ''લો–ફુલ કન્ટ્રોલ''માં હતી. હાલના કામે ફરીયાદીનો પુરાવો જોતા તેઓએ સદર મીલકત અંગે કોઈ પુરાવો આપેલ નથી. વધુમાં ત.ક.અ. ની જુબાની ધ્યાને લેતા પણ તેઓ એ કબુલ રાખે છે કે , મારી તપાસમાં ફરીયાદી સદર મીલકતના માલીક હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો હાલના કામે મળી આવેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે એ વાત ખરી છે કે ફરીયાદીએ જે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ તે પુરાવામાં ફરીયાદી પોતે માલીક હોય તેવો કોઈ પુરાવો તેઓએ કબજે કરેલ નથી. જેથી અત્રેની કોર્ટનું માનવુ છે કે જયારે ફરીયાદી સદર મીલકતના ''લો–ફુલ કન્ટ્રોલ'' માં છે કે નહી તે જ પુરવાર થતુ નથી તો તે સંજોગોમાં ઈ.પી.કો કલમ– ૪૪૭ ના તત્વો પુરવાર થતા નથી.

(૮.૨) હાલના કામે ફરીયાદી દવારા પોતાની ઉલટમાં એ હકીકત સ્વીકારવામાં આવેલ છે કે સદર આરોપીએ તેમને ધમકી આપતા હતા તે હકીકત તેમની ફરીયાદમાં લખાવવાની રહી ગયેલી તથા સ્વીકારેલ છે કે '' આ કામના આરોપી બનાવના દિવસે ઉપરોકત જગ્યા પર આવેલ અને કાયદો હાથમાં લઈને ઘર તોડી ગયેલા'' તે હકીકત તેમની ફરીયાદમાં લખાવવાની રહી ગયેલી. વધુમાં હાલની ફરીયાદ સાત દિવસ બાદ મોડી આપવામાં આવેલ તે હકીકત પણ તેમના વતી તેમની ફરીયાદમાં લખાવેલી નથી. જેથી અત્રેની કોર્ટનુ એવુ માનવુ છે કે , સદર અગત્યની હકીકત જે બનાવ વખતે બનેલી હતી તે હકીકત ફરીયાદી દવારા તેમની ફરીયાદમાં જણાવવામાં આવેલ નથી જેથી તે સંજોગોમાં ફરીયાદપક્ષનો કેશ શંકાસ્પદ જણાઈ આવે છે.

(૮.૩) હાલના કામે તપાસવામાં આવેલ સાહેદ મંહમદ ખુબેબ પાવતે પોતાની જુબાનીમાં કબુલ રાખે છે કે બનાવની જાણ તેમના પિતા જે હાલના કામના ફરીયાદી છે તેમના દવારા ફોન થી થયેલી તથા બનાવની ફરીયાદ બનાવના દિવસે આપેલી તેવી હકીકત તેઓ

જણાવે છે પરંતુ હાલનો બનાવ તા. ૨૦/૦૪/૨૦૧૭ ના રોજ બનેલો હોય અને ફરીયાદ તા. ૨૭/૦૪/૨૦૧૭ ના રોજ આપવામાં આવેલ છે તેવુ ફરીયાદી દવારા કબુલ રાખવામાં આવેલ છે. વધુમાં હાલના કામે આંક– ૪૩ થી તપાસેલા સાહેદ ફરીયાદીના ભાઈ હોય તેવુ રેકર્ડ પર જોતા ફલીત થાય છે હાલના કામે તેમને પણ તેમના ભત્રીજાનો ફોન આવતા તેમને બનાવની જાણ થયેલી. હાલના કામે બન્ને સાહેદો ઈન્ટરેસ્ટેડ વીટનેસ તરીકે ગણી શકાય તેવુ અત્રેની કોર્ટનુ માનવુ છુ. વધુમાં હાલના સાહેદની ફરીયાદી દવારા જણાવેલી હકીકતો દવારા સરખામણી કરતા તેમાં ઘણી બધી ક્ષતિઓ જણાઈ આવે છે. વધુમાં હાલના કામે તપાસ ેલા સાહેદ – જાવેદા મતીઉલ્લા (આંક–૨૭) પોતાની જુબાનીમાં જણાવે છે કે બનાવ સમય તે મુંબઈમાં હતી અને પોલીસે તેમનો કોઈ નીવેદન લીધેલ નથી. વધુમા બીજા સાહેદ ગણેશ જમુભાઈ (આંક–૨૮) પોતાની જુબાનીમાં જણાવે છે કે ફરીયાદી અને આરોપી વચ્ચે કોઈ ઝગડો થયેલો હોય તો તે બાબતની તેમને ખબર નથી અને તેમનુ પોલીસ દવારા કોઈ નીવેદન લેવામાં આવેલ નથી. સદર સાહેદો ફરીયાદપક્ષના કેશને લેશમાત્ર સમર્થન આપતા નથી. જેથી સદર સાહેદોની જુબાની ઉપર આધાર રાખીને આરોપીઓને કસુરવાર ઠરાવી શકાય નહી.

(૮.૪) હાલના કામે પંચ મયંકભાઈ દવારા હાલના કામે કરેલ ગુનાવાળી જગ્યાના પં ચનામાની તમામ હકીકત નકારવામાં આવેલ છે અને હાલના કામે તપાસેલા બીજા પં ચ ઈમ્તીયાઝ શેખ પોતાની સરતપાસમાં ફરીયાદીના કેશને સમર્થન આપેલ છે પરંતુ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસ સ્ટેશનમાં બેસીને તેઓએ પોતાનો જવાબ લખાવેલો તેમને પોલીસ સ્ટેશનમાં બનાવના દિવસે તા. ૨૦/૦૪/૨૦૧૭ ના રોજ જવાનુ થયેલુ. હાલના કામે સદર હકીકતને ગુનાવાળી જગ્યાના પં ચનામા સાથે સરખામણી કરતા સદર આંક– ૨૨ વાળુ પંચનામુ તા. ૨૭/૦૪/૨૦૧૭ ના રોજ થયેલુ પરંતુ હાલના પંચદવારા સદર પંચનામુ તા. ૨૦/૦૪/૨૦૧૭ ના રોજનુ હોવાનુ કબુલવામાં આવેલ છે અને હાલના કામે ફરીયાદ જ તા. ૨૭/૦૪/૨૦૧૭ ના રોજ આપવામાં આવેલ હતી તો તે સંજોગોમાં હાલનુ પંચનામુ ફરીયાદના પહેલા થઈ ગયેલુ હોય તેવુ પંચસાહેદ જણાવે છે. જેથી સદર જુબાની ઉપર આધાર રાખી શકાય નહી જે અત્રેની કોર્ટનુ માનવુ છે.

વધુમાં હાલના કામે બન્ને પંચોની જુબાનીનુ એક સાથે અવલોકન કરતા તેમની જુબાની તથા પંચનામામાં ઘણી બધી વિસંગતતાઓ જણાઈ આવે છે.

(૮.૫) હાલના કામે ફરીયાદપક્ષ દવારા તપાસેલ બધા સાહેદો ફરીયાદપક્ષના કેશને સમર્થન આપેલ નથી. વધુમાં ત.ક.અ. દવારા પણ તેમની તપાસમાં ફરીયાદી સદર મીલકતના માલીક હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો હાલના કામે તેમને મળી આવેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે એ વાત ખરી છે કે ફરીયાદીએ જે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ તે પુરાવામાં ફરીયાદી પોતે માલીક હોય તેવો કોઈ પુરાવો તેઓએ કબજે કરેલ નથી. જેથી હાલના કામે ફરીયાદીએ સદર મીલકતના માલીક હોય તેવુ પુરવાર થતુ નથી. વધુમાં ત.ક.અ દવારા સદર સાહેદોના નીવેદન લીધેલ હોય તેવુ જણાવવામાં આવેલ છે પરંતુ હાલના કામે સાહેદો દવારા ત.ક.અ. દવારા તેમનુ નીવેદન નોધવામાં આવેલ છે તે હકીકતથી તેઓએ ઈન્કાર કરેલ છે જેથી હાલના કામે ફરીયાદપક્ષના પુરાવા સંબંધે શંકા ઉપસ્થિત થાય છે.

(૮.૬) વધુમાં ફરીયાદી દવારા પોતાની ફરીયાદમાં જે.સી.બી. વાળા માણસો સદર ઘર તોડવા માટે આવેલા તેવી હકીકત જણાવવામાં આવેલ છે પરતુ હાલના કામે કોઈપણ જે.સી.બી.ના સાક્ષીનુ નીવેદન કે કોઈ મુદામાલ કબજે કરવામાં આવેલ નથી. વધુમાં ત.ક.અ દવારા હાલના કામે આંક–૬૮ થી આંક–૭૯ સુધી મીલકતમાં તોડફોડ અંગેના ફોટોગ્રાફ રજુ કરવામાં આવેલ છે પરંતુ તે ફોટોગ્રાફ લગત કોઈ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) નુ સર્ટીફીકેટ ન હોવાના કારણે સદર ફોટોગ્રાફ ઉપર આધાર રાખી શકાય નહી તેવુ અત્રેની કોર્ટનુ માનવુ છે. વધુમાં હાલના કામે રજુ દસ્તાવેજો તથા વિશેષ નીવેદન વખતે આરોપી દવારા તેમના બચાવમાં રજુ કરવામાં આવેલ રે.દિ.મુ નં. ૧૦/૨૦૧૫ ના ચુકાદો પણ ધ્યાને લેતાં કોઈપણ જગ્યાએથી તે પુરવાર થતુ નથી કે સદર મીલકત ફરીયાદીની માલીકીની હોય. જેથી જયારે ફરીયાદી સદર મીલકતના ''લો–ફુલ કન્ટ્રોલ'' માં છે કે નહી તે જ પુરવાર થતુ નથી તો તે સંજોગોમાં ઈ.પી.કો કલમ– ૪૪૭ ના તત્વો પુરવાર થતા નથી. વધુમાં નુકસાની અંગેના કોઈ પુરાવા ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલ નથી. જેથી અત્રેની કોર્ટનુ માનવુ છે કે તે સંજોગોમાં ઈ.પી.કો કલમ– ૪૨૭ ના તત્વો પુરવાર થતા નથી.

(૮.૭) વધુમાં આ કામે આરોપી વિરૂધ્ધ ઇ.પી.કો ની કલમ–૫૦૪ અને ૫૦૬ (૨),૧૧૪ મુજબનું તહોમત પણ છે આ કલમ અન્વયે ગુનો બનવા માટે આરોપીના બોલાયેલા શબ્દો માત્ર અપમાનજનક હતા તેવું જરૂરી નથી. પરંતુ તેનાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરશે તેવા શબ્દો હોવા જરૂરી છે, તેમજ જે આક્ષેપો કરવામાં આવેલ હોય તે આક્ષેપ ભોગ બનનારને અપમાનીત કરવાના ઈરાદાથી બોલાયેલા હોવા જોઈએ. ઉપરાંત કલમ–૫૦૬ મુજબનો ગુન્હો બનવા માટે પણ આરોપીએ કોઈ વ્યકિતની જાત, પ્રતિષ્ઠા અથવા મિલકતને અથવા તે વ્યકિતને જેનામાં હિત–રસ હોય તેવી વ્યકિતની મિલકત વિગેરેને હાનિ કરવાના હેતુથી ઈરાદા પુર્વક ધમકી આપેલ હતી. જે અન્વયે હાલના કેસની હકીકતો જોતા આરોપીઓ દ્વારા ફરિયાદી કે તેના કોઇ સાહેદોને કોઇ પણ પ્રકારની ધમકિઓ આપવામાં આવેલ હોઈ કે જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તે રીતે કોઇ ઉશ્કેરણી કરવામાં આવેલ હોઈ કે આરોપી દ્વારા અપમાન કરવામાં આવેલ હોઇ તેવું રેકર્ડ પરના પુરાવા જોતા જણાઇ આવતું નથી. જે અનવયે અત્રેની કોર્ટ દ્વારા નામદાર સુપ્રિમકોર્ટ ના **Mohammad Wajid And Another Versus State Of Uttar Pradesh And Others, 2023 (0) AIJEL–SC 72172** ચુકાદાને ધ્યાને લેવામાં આવે છે જેમાં ઠરાવેલ છે કે ,

*26. Mere abuse, discourtesy, rudeness or insolence, may not amount to an intentional insult within the meaning of Section 504, IPC if it does not have the necessary element of being likely to incite the person insulted to commit a breach of the peace of an offence and the other element of the accused intending to provoke the person insulted to commit a breach of the peace or knowing that the person insulted is likely to commit a breach of the peace. Each case of abusive language shall have to be decided in the light of the facts and circumstances of that case and there cannot be a general proposition that no one commits an offence under Section 504, IPC if he merely uses abusive language against the complainant.*

***27.** A bare perusal of Section 506 of the IPC makes it clear that a part of it relates to criminal intimidation. Before an offence of criminal intimidation is made out, it must be established that the accused had an intention to cause alarm to the complainant.*

આમ, હાલના કેસની હકીકતો પણ જોવામાં આવે તો ફરિયાદીને ડરાવવા કે ધમકાવવાનો કે ફરિયાદીનું અપમાન થાય કે જાહેર સુલેહનો ભંગ થાય એવો આરોપીનો કોઇ ઈરાદો જણાઇ આવતો નથી. વધુમાં આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય કે ગાળો બોલતા હોય તે હકીકત પણ ફરીયાદી સિવાય બીજા કોઈ સાક્ષી ધ્વારા તેમની જુબાનીમાં જણાઈ આવેલ નથી. જે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો ઇ.પી.કો ની કલમ– ૫૦૪ અને ૫૦૬ (૨),૧૧૪ મુજબનું તહોમત પણ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે .

(૯) આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૧૦૧ વંચાણે લેતા ફરીયાદપક્ષનો કેસ સાબીત કરવાનો બોજો ફરીયાદી પક્ષના શીરે છે અને જયાં સુધી ગુનો સાબીત ન થાય ત્યાં સુધી આરોપી તે નિર્દોષ છે તેવુ અનુમાન કરવુ જોઈએ. હાલના કામે ઉપરોકત થયેલ ચર્ચા મુજબ ફરીયાદીએ ફરીયાદથી જુદી હકીકત પોતાની જુબાનીમાં જણાવતા હોય અને કોઈપણ જગ્યાએ ફરીયાદીએ હાલની મીલકતના લો–ફુલ કન્ટ્રોલમાં હોય તે પુરવાર થતુ નથી અને આરોપીઓ દવારા ફરીયાદીને નુકસાન કરેલ હોય કે ગાળો આપેલ હોય કે ધાક ધમકી આપેલ હોય તેવુ પણ ફરીયાદપક્ષ દવારા નિ:શંક રીતે પુરવાર થયેલ નથી. જેથી પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ જયારે એક જ બનાવના બે સ્થિતિ ઉત્પન્ન થતી હોય તો તે સંજોગોમાં આરોપીને શંકાનો લાભ અપવો પડે . આરોપીઓ વિરૂધ્ધ નિ:શંકપણે પોતાનો કેસ પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની રહે છે જે હાલના કામે ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલાનુ જણાઈ છે. આમ પડેલ પુરાવાથી હાલના આરોપીઓ સામે ભારતીય દંડ સહીતાની કલમ ૪૨૭,૪૪૭,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબના તત્ત્વો જણાઈ ન આવતા હોય ગુન્હો બનતો હોવાનુ પુરવાર થતુ નથી . ફોજદારી કાર્યવાહીનો સિધ્ધાંત છે કે ફરીયાદપક્ષે તેનો કેસ સીધા અને સરળ પુરાવાથી પુરવાર કરવાનો હોય છે. ફોજદારી કાર્યવાહીમાં બચાવપક્ષે સમગ્ર કાર્યવાહી દરમ્યાન ખુલાસો કરવાનો હોતો નથી, ત્યારે ફરીયાદપક્ષ આરોપીઓ સામે ગુનાના કામે સાંકળતો કોઇ પુરાવો રજુ કરી શકેલ નથી. જેથી ઉપરોકત થયેલ ચર્ચા મુજબ હાલના કેસના સંજોગોમાં આરોપીઓને તક્સીરવાન ઠરાવી શકાય નહી. આમ, તમામ પુરાવાનુ વિશ્લેષણ કર્યા બાદ ફરીયાદપક્ષ તેમનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં–૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં–૨ અન્વયે નીચે

મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ:-**

૧. ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ- ૨૪૮(૧) મુજબ આરોપીઓ- (૧) જલદીપભાઈ મહેન્દ્રકુમાર લેવા પટેલ(૨)ઈજાજ વજીર અહમદ શેખ (મુસ્લીમ)(૩) અમઝદખાન અફઝલખાન (મુસ્લીમ) (૪)અનવરખાન અફઝલ (મુસ્લીમ) નાઓને ઈ.પી.કોડની કલમ-૪૨૭,૪૪૭,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબના ગુન્હામાં પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. આરોપીઓએ સી.આર.સી.પીની કલમ- ૪૩૭(એ) મુજબ રૂા. ૨૦,૦૦૦/- ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકો અપીલ સમય માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૮ , માહે- જુલાઇ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો .

પારડી.

તા. ૧૮ / ૦૭ / ૨૦૨૬

**(પી. એ. શર્મા)**
**અધિક સીવીલ જજ અને**
**જે.એમ.એફ.સી.પારડી**
**જી.જે.૦૧૬૭૦**

**ટાઈપ બાય- ડી.જી.ચાવડા (સુપ્રિ.)**